# મૂર્તિ



સપ્ટેમ્બર - ૨૦૨૨, વર્ષ : ૧૯ અંક : ૯
વાર્ષિક : ₹ ૫૦/-

અબજીબાપા પ્રતિષ્ઠિત
ભીડભંજન હનુમાનજી
શતાબ્દી મહોત્સવ
૧૦૦
૧ થી ૫ મે ૨૦૨૩

## વચનામૃત રહસ્યાર્થ ત્રિદિનાત્મક પારાયણ. (તા.૩૦/૮/૨૦૨૨ થી તા.૧/૯/૨૦૨૨)



સદ્. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજીના ૧૪૩મા પ્રાગટ્ય દિને સત્સંગ બ્રહ્મયજ્ઞ - સુરેન્દ્રનગર



પ્રકાશક : શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર, બળદિયા, તા. ભુજ, જિ. કચ્છ. પીન : 370 427

# વચનામૃત રહસ્યાર્થ ત્રિદિનાત્મક પારાયણ. (તા.૩૦/૮/૨૦૨૨ થી તા.૧/૯/૨૦૨૨)

યજમાન : મૂ.નિ. શ્રી ખીમજીભાઈ કાનજીભાઈ હીરાણી, ભારાસર હસ્તે ગ.સ્વ. વેલબાઈ ખીમજીભાઈ સહપરિવાર



RNI No.: GUJGUJ/2004/52455

સપ્ટેમ્બર: ૨૦૨૨

વર્ષ : ૧૯

અંક : ૯



# મૂર્તિ



## દિવ્ય પ્રેરણા

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી



## તંત્રી

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

## પ્રકાશક

**શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર**

બળદિયા-ભુજ (કચ્છ)

મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨

૯૦૯૯૦ ૪૯૨૮૪

E-mail : abjibapachhatedi@gmail.com

Website : www.abjibapanichhatedi.org

## લવાજમ

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

## પ્રકાશન તારીખ

દર માસની ૧૧ તારીખે

## પ્રિન્ટીંગ

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ

બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,

ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.

E-mail : swastik.gr@gmail.com




| અનુક્રમ | પેજ |
|---|---|
| સહજ અમૃત | ૪ |
| અબજ અમૃત | ૫ |
| જ્ઞાનામૃત | ૬ |
| દિવ્યામૃત | ૮ |
| ઉપાસના | ૧૦ |
| વિશિષ્ટાદ્વૈત | ૧૧ |
| જાદવજીબાપાના સંભારણા | ૧૨ |
| આધ્યાત્મિકજ્ઞાન | ૧૪ |
| પત્ર દ્વારા ઉપદેશ | ૧૫ |
| બાપાશ્રી નારાયણમામાની નજરે | ૧૬ |
| કેળવણી | ૧૭ |




# સહજ અમૃત

★ શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાનનું સ્વરૂપ કોઈક ભક્ત માયાના ચોવિશ તત્ત્વે સહિત સમજે અને કોઈક ભક્ત માયાના તત્ત્વે રહિત કેવળ ચૈતન્યમય ભગવાનનું સ્વરૂપ સમજે તેમાં કેની સમજણ ઠીક છે ને કેની સમજણ ઠીક નથી?'' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ''જે ભગવાનને વિષે માયિક ચોવિસ તત્ત્વ સમજે એની સમજણ ઠીક નથી અને ભગવાનનું સ્વરૂપ માયાના તત્ત્વે રહિત કેવળ ચૈતન્યમય સમજે તેની સમજણ ઠીક છે.'' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે ક્ષેત્ર (માયા) અને ક્ષેત્રજ્ઞ (પુરુષ)ને અન્યોઅન્ય આશ્રયપણું છે અને ભગવાન છે તે તો ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બેયના આશ્રય છે માટે ભગવાન થકી માયિક તત્ત્વ જુદા કેમ કહેવાય? એ તો જેમ આકાશ છે તેને વિષે પૃથ્વી આદિક ચાર તત્ત્વ રહ્યા છે, તો પણ આકાશને કોઈનો દોષ અડતો નથી. એવું જ ભગવાનનું સ્વરૂપ છે, તેમાં ચોવીશ તત્ત્વ કહીએ એમાં શો બાધ છે? અને તત્ત્વે રહિત કહીએ તેમાં શું નિર્બાધપણું આવી ગયું? માટે ભગવાનના સ્વરૂપને જે તત્ત્વે સહિત સમજે છે તે પણ પાપી છે અને જે તત્ત્વે રહિત સમજે છે તે પણ પાપી છે. ભગવાનના ભક્તને તો ભગવાનના સ્વરૂપમાં તત્ત્વ છે કે નથી એવું ચૂંથણું કરવું ગમે જ નહિ. ભક્ત હોય તે તો એમ જાણે જે, ભગવાન તે ભગવાન એને વિષે ભાગ-ત્યાગ કર્યાનો માગ નથી. એ ભગવાન તો અનંત બ્રહ્માંડના આત્મા છે અને જેને ભગવાનના સ્વરૂપમાં કોઈ રીતનું ઉત્થાન નથી તેને નિર્વિકલ્પ સ્થિતિવાળો જાણવો. અને જેને એવી એક મતિ હોય તેને સ્થિતપ્રજ્ઞ જાણવો. એવો જેને ભગવાનનનો અચળ આશરો થયો હોય ને તે અતિશે શાસ્ત્રવેતા હોય અથવા ભોળો જ હોય પણ તેની મતિ ભમે નહિ અને ભગવાનના ભક્તનું મહાત્મ્ય જાણે, અને દઢ મતિવળા હોય તેને ઓળખે પણ ખરા. એવી રીતે ભગવાનને નિર્વિકારી ને નિર્લેપ સમજે અને ભગવાનના સમર્થ-અસમર્થ, યોગ્ય-અયોગ્ય ચરિત્રોનું ગાન કરે, પણ ભગવાનના ચરિત્રને વિષે યોગ્ય-અયોગ્ય ઘાટ ઘડે નહિ તેવા ભક્તને પુરુષોત્તમના સ્વરૂપને વિષે સ્થિતપ્રજ્ઞ જાણવો. જેને પુરુષો પુરુષોત્તમના સ્વરૂપને વિષે એવી દઢ નિષ્ઠા થઈ તેને તેથી ઉપરાંત બીજું કાંઈ સમજવાનું રહ્યું નથી. (ગ.મ.૧૭)


કેવળ આત્મસત્તારૂપ જે વર્તે છે એવા જે આત્મજ્ઞાની હોય તેને તો સ્થુળ દેહ સંબંધી તથા સુક્ષ્મદેહ સંબંધી કર્મ લાગે નહિ.

# અબજ અમૃત



★ આ સત્સંગમાં સાધુને સત્સંગી જે પોત પોતાના નિયમ બધા પાળતા હોય પણ શ્રીજીમહારાજનો મહિમાં પૂરો સમજી શક્યા ન હોય તેને શ્રીજીમહારાજ ને મોટા કૃપા કરીને જ્યાં મોટા મુક્તનો જોગ હોય ત્યાં રાખીને મહિમા સમજાવીને ધામમાં લઈ જાય અને જે શાસ્ત્રમાંથી યથાર્થ મહિમા સમજવો હોય ને તેને મોટાનો જોગ ન મળ્યો હોય તો પણ તેને મહારાજ અને મોટા કૃપા કરીને જોવો મહિમા સમજ્યો હોય તેવી પ્રાપ્તિ અંત વખતે કરાવે. પણ જેને મોટાનો જોગ થયો હોય તે તો ઈયળ-ભ્રમર ન્યાયે બીજા અનંત જીવોને મુક્ત કરે. જોગ વિનાનાને અંત વખતે સુખની પ્રાપ્તિ થાય, અને જોગવાળાને છતે દેહે સુખની પ્રાપ્તિ થાય એટલો વિશેષ છે. આ સમાગમે કરીને સંપૂર્ણ મહિમા સમજાય છે, ને સુખ લેવાની સામર્થી સંપૂર્ણ આવે છે. એવી સામર્થી જેને અનાદિમુક્તનો જોગ ન હોય તેને આવતી નથી. (૧/૧૮૯)

★ આ મહારાજ અને આ સર્વે સંત છે એ જ સુખ જાણવું. એ સુખ મોટા થવા જાય તેને મળતું નથી. માટે દાસપણું રાખવું. (૧/૧૮૯)

★ પ્રતિમાથી સંતને અધિક કહે છે એને શ્રીજીમહારાજનો સિદ્ધાંત જાણ્યામાં આવ્યો નથી કેમે કે એને સિદ્ધ મુક્ત મળ્યા નથી માટે તેની માયિક બુદ્ધિથી જેવું સમજાણું હશે તેવું કહેતા હશે. પણ પ્રતિમા તો સાક્ષાત્ શ્રીજીમહારાજ છે. જેને મોટા મુક્ત ન મળ્યા હોય તે પોતાની આધુનિક બુદ્ધિએ શાસ્ત્ર સમજવા જાય તેને શાસ્ત્રનું રહસ્ય હાથ આવે નહિ ને પોતે ભગવાન થઈ પડે. કામ, ક્રોધ, લોભ, મનાદિક દોષ ટળ્યા ન હોય ને પોતે મોટા બનીને સત્સંગનું ધોરણ ન જાણનારા અજ્ઞાનીઓ લોકોને છેતરે છે. માટે એવા કપટીનો સંગ ન કરવો. જે સત્સંગમાં હું ભગવાન છું એમ કહેતા હોય તે ન માનવું. ભગવાન તો એક શ્રીજીમહારાજ જ છે. ''મેરે તો તુમ એક આધારા,'' એક શ્રીજીમહારાજનો જ આશરો રાખવો. (૧/૧૮૯)

# જ્ઞાનામૃત



## સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી

- મહારાજ કહેતા જે , ''જુનેગઢ જાય તેને પાંચ વાર મળીએ તથા તેના અમે જમાન છીએ''ત્યારે કોઈક જવાનું કહે ત્યારે તેના ગુરુ હોય તે એમ કહે જે,''જો તું જઈશ તો પથરામાં અથડાઈ અથડાઈને મરી જઈશ.'' એમ કહીને તેને અળસાવી નાખતા તથા કોઈકને મહારાજની સેવામાં રહેવું હોય તો પણ તેને તેના ગુરુ અળસાવી નાખતા.
- એક હરિભક્ત મહારાજની આજ્ઞાથી સમાધિ કરી ધામ જોઈને અક્ષરધામમાં ગયો અને મહારાજને કહ્યું જે ''હે મહારાજ ! આપણા કેટલાક સાધુ, બ્રહ્મચારી, પાળા, સત્સંગી તે બદ્રિકાશ્રમમાં તથા શ્વેતદ્વિપમાં તથા વૈકુંઠમાં તથા ગોલોકમાં એ સર્વે ધામમાં તે સર્વેને મેં દીઠા તે અહિં (અક્ષરધામમાં) કેમ ન આવ્યા?'' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, ''અમને (અવતાર જેવા જાણી)તે તે ધામના પતિ જાણ્યા તે માટે ત્યાં રહ્યા છે અને આ સર્વે છે તેમણે તો અમને સર્વ અવતારના અવતારી જાણીને અને સર્વે ધામ થકી પર જે બ્રહ્મહોલ તેના પતિ અમને જાણ્યા છે તે માટે એમને અમે અક્ષર જેવા કર્યા છે.''
- ૧) પોતે ભગવાને સંભારે અને બીજા આશરે આવનારને સંભરાવે. (૨) પોતે પોતાની મેળે ભગવાનને સંભારે. (૩) બીજાની ઓથે રહીને ભગવાનને સંભારે પણ સ્વતંત્રપણે પોતે ન સંભારે. (૪) પોતે ન સંભારે ને બીજા સંભારે તોય ઠીક ને ન સંભારે તોય ઠીક અને (૫) પોતે ભગવાનને ન સંભારે ને બીજાને પણ ભગવાન ન સંભારવા દે, માટે આ પાંચ પ્રકારના પુરુષ એળખીને સોબત કરવી.
- ભગવાનના ભક્તને જેવી વાસના હોય તેવા લોકમાં વાસના ભોગવવા મૂકે છે. માટે વાસના લિંગ દેહનો નાશ થયા વિના અક્ષરધામમાં ન રહેવાય. અને જેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય યુક્ત-ભક્તિ અતિ દૃઢ કરીને સર્વે ઈન્દ્રિયોને નિયમમાં કરીને મનમાં વિષયના સંકલ્પ બંધ થાય પછી સુક્ષ્મ દેહનો નાશ કરીને પછી આત્યંતિક પ્રલયના ઉપશમને સિધ્ધ કરીને પછી તે ઉપશમ ને મહારાજની મૂર્તિનું ધ્યાન તેણે કરીને કારણ ભાવને વાસના લિંગ દેહને ટાળી નાખ્યો હોય અને મહારાજની સેવાનીજ એક ઈચ્છા હોય તેને પોતાની સેવામાં રાખે છે.
- નિર્વાસનિક સાથે હેત હોય તો ક્યાંય ન બંધાવા દે અને ધક્કે મારીને અક્ષરધામમાં લઈ જાય.
- **વાસના ટાળવાનો ઉપાય** :- (૧) ઈન્દ્રિયોને નિયમમાં રાખવી. (૨) ભગવાનની નિરંતર સ્મૃતિ રાખવી. (૩) ઈન્દ્રિયો અંતઃકરણને જીતીને જીવમાં ભગવાનનું ભજન કરવું. (૪) પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સાથે એક કરી શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરવું. (વાસના લિંગ દેહનો ભંગ તો થાય) (૫) નિર્વિકલ્પ નિશ્ચયે કરીને અતિ પ્રેમલક્ષણા ભક્તિ કરીને સ્નેહ કરવો.

## સદ્. શ્રી ગુણાતિતાનંદ સ્વામી




- આ નેત્રને આ સાધુના દર્શન થાય, ત્વચાને સ્પર્શ થાય, નાસીકાએ તેને ચડ્યા હોય એ પુષ્પનો ગંધ લેવાય, ને રસનાએ તેનો વિનય થાય (કર્ણે તેમની વાણી સંભળાય) એટલો જ લાભ છે. ।।आकृतिचितियापज्यरहितानिष्प्ररिग्रहाः।। એ પ્રમાણે રહે ત્યારે સાધુ કહેવાય અને આટલું જ બ્રહ્માંડનું કામ આજ્ઞાએ કરીએ છીએ, પણ અનુસંધાને ઓલ્યું. અને આ તો મોટું રાજ છે, તે કોટિક તો સંકલ્પ કરવા પડે; પણ અંતરમાં કાંઈ નહિ, એવો અમારો સ્વભાવ છે. માટે સૌને એમ કરવાની રુચી રાખવી. અને ગીરનાર જેવડા તરંગ હૈયામાં ઉઠે, તેથી પણ મોટા ડુંગર જેવડા ઉઠે; તે માટે જરા જરા બંધ રાખીને ભગવાન સંભારવા.
- અને મેડે મંડળી ભેળી થઈને મલકની નિંદા કરે છે. તે જો કરશે તો કાઢી મૂકશું અને ધર્મામૃત આપણી ઉપર જ કર્યું છે, તે લોપીને ચોરીઓ કરે છે, લૂગડાં વધુ રાખે છે તે ઠીક નહિ પડે. તે સારૂં કંઈ અટક્યું નહિ રહે, કાઢી જ મૂકશું. તે જે રાખતો હોય તે આ ઘડી ચાલવા મંડે; અમારે તો ધર્મ રાખતા જે થાશે તે કરવું છે; એવો ઠરાવ છે.
- અમારે તો કાંઈ વસ્ત્ર જ ન જોઈએ, એક ધાબળી પણ નથી અને ખાધાનું તો કોઈકના સારા અર્થે છે. બાકી દાળ રોટલા જોઈએ, ને બીજામાં મહારાજને પ્રતાપે સહેજે અરૂચી જ રહે છે. તે માટે ભૂંડા સ્વભાવનો ત્યાગ કરીને ભગવાન ભજવા.
- બ્રહ્મચર્ય રાખવાના છ ઉપાય છે. તેમાં આંખ, કાન, નાક અને મન તેને સુરત રાખીને સાંચવવા (નિયમમાં રાખવા) અને ઝાઝું ખાવું નહિ ને ઝાઝું ઊંઘવું નહિ. અને ધીરે ધીરે સંકલ્પ બંધ કરવા માંડીને ભજન કરવું અને મનનો વિશ્વાસ ન કરવો. વ્યવહાર કર્યા વિના તો ચાલે નહિ, પણ પાછું વળવું, એમ મહારાજનો ને મોટા સાધુનો સિધ્ધાંત છે.
- જ્યાં સુધી આવા સંત અને દશ-વીશ હજાર સારા હરિજન છે ત્યાં સુધી વચનામૃતના વચન અને તેમજ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને મહાત્મ્યે સહિત ભક્તિ એ ચાર એકાંતિક ધર્મ રહેશે, માટે આ સમાગમ કરવા વાંસે ફરવું.

# દિવ્યામૃત



## સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

- ભગવાનની ઉપાસના વિના કોઈ સાધન સિદ્ધ ન થાય. એમાં જેટલી ઉપાસના હોય, તેટલો એ આત્મારૂપ થાય.
- આશરો દઢ હોય તેમાં બધાં સાધન આવી જાય બધાંય સાધન કર્યે ભગવાન રાજી થાય એનાં કરતાં ભગવાનનો દઢ આશરો કર્યો હોય તો પણ આશરામાં ત્રણ ભેદ છેઃ (૧) 'ભગવાનનો મહિમાં'સમજીને આશરો થાય, જ્ઞાને કરીને ભગવાન સર્વના કારણ છે. સર્વાન ઉપરી છે. સર્વના અંતર્યામી છે. કર્તા, અકર્તા, અન્યથા કર્તા છે. પરમએકાંતિક મુક્ત, અનાદિમુક્તના સ્વામી છે. એ ભગવાનનું અન્વય-વ્યતિરેકપણું, મનુષ્યભાવ, દિવ્યભાવ એવો ભગવાનનો અનંત પ્રકારનો મહિમા તેને સમજીને દઢ આશરો કર્યો હોય, એ સમજણે કરીને આશરો કહેવાય. (૨) બીજો પ્રકાર એ કે, સમજણ ન હોય પણ ભગવાનનો આશરો દઢ હોય, ભગવાન મારા અને હું ભગવાનનો, એ કોઈ દી ડગે નહિ એ મૂઢપણે ભગવાનનો આશરો કર્યો કહેવાય. એને સમજણ થોડી હોય પણ ભગવાન વિષે નિષ્ઠા પરિપક્વ હોય, તે બ્રહ્મા જેવા મોટા ડગાવે તો પણ આશરામાંથી ડગે નહિ, એને મહારાજ કહે 'મૂઢપણાનો આશરો' કહેવાય અને (૩) ત્રીજો પ્રકાર એ કે, ભગવાનમાં પ્રિતી બહુ હોય, જેમાં સચ્ચિદાનંદસ્વામીને ભગવાનમાં પ્રીતિ હતી. મહારાજ વિના રહેવાય જ નહિ, મહારાજની સામુ ને સામું જોઈ રહે, મહારાજની મૂર્તિ દેખાય તો જ શાંતિ થાય. મહારાજ પાસે બેઠા હોય, મહારાજના દર્શન કરતા હોય અને વચમાં કોઈ ભક્ત પૂજા કરવા આવે, ત્યારે આડ થાય. ભગવાનની પૂજા કરવા આવે ત્યારે સ્વામીને મહારાજનાં બરાબર દર્શન થાય નહિ. તો ઊભા થઈ જાય, ઊભા થઈ ને પડખે ઊભા કરીને મહારાજની મૂર્તિ સામું જોઈ રહે. પૂજા કરે એટલીવારે પણ મૂર્તિ વિના રહેવાય નહિ. એમને, મૂર્તિ સામું જ જોઈ રહે અને મૂર્તિ દેખાય તો જ શાંતિ થાય. એટલો બધો ભગવાનને વિષે પ્રેમ એવો ભગવાનને વિષે પ્રેમ હોય તેને હેતે કરીને ભગવાનનો આશરો કહેવાય.
- મહાત્મ્યે સહિત ભગવાનનો નિશ્ચય હોય એને શ્રદ્ધા થાય ત્યારે ભગવાનનું અખંડ ચિંતવન થાય.



## અ.મુ.પ.પૂ. શ્રી સોમચંદબાપા

- આપણે એવો અભ્યાસ પાડવો કે મહારાજ વિના ક્યારેય એકલા ન રહેવું.
- મહારાજ દિવ્ય છે. તેમના જેવું આ લોકમાં કોઈનું રૂપ નથી. કોઈનું સામર્થ્ય નથી. એવા ભગવાન આપણને દયા કરીને મળ્યા છે. પણ આપણી આંખોમાં આ લોકનું આવરણ હોય તેથી જેમ છે તેમ દેખી શકાતું નથી. આપણા આવરણવાળા દેહથી તેજોમય મહારાજ જોઈ ન શકાય તેથી દયાળુ ભગવાન મનુષ્ય જેવા થયા, એવી જીવ ઉપર ભગવાનની દયા છે.
- અક્ષરધામની ભૂમિ સર્વત્ર તેજોમય છે.એ સ્થાનમાં તેજોમય મહારાજ અને મુક્ત બે જ વસ્તુ છે. મહારાજને ફરતા મુક્તો બેઠા છે. બધાને એકસરખાં દર્શન થાય છે, સુખ એક સરખું આવે છે. એ સભાને પરમ એકાંતિક નામે ઓળખાવેલ છે, અને બીજા મુક્તો મહારાજની મૂર્તિના આકારે સાથે રહ્યા છે. તેમને અનાદિ મુક્ત કહેલ, એ મુક્તો દેખાતા નથી, એ મુક્તોને મહારાજ જ દેખાય છે. એટલે તેમને મૂર્તિરૂપ કહેવાય છે. શ્રીજીમહારાજ ને આ અનાદિ મુક્તો રસબભાવે ભેળા જ રહે છે, જેથી ઓતપ્રોતસ તદ્રૂપ, તલ્લીન એમ કહી બાપાશ્રી સમજાવે છે. આ અનાદિ મુક્તને સર્વે ઠેકાણે મહારાજ દેખાય છે.
- આપણે મનન કરી મહારાજની દિવ્ય મૂર્તિમાં જોડાવું. જેમ સિંહાસનમાં મૂર્તિ પધરાવે પછી જ્યારે દૃષ્ટિ કરીએ ત્યારે દર્શન થાય તેમ મોટાએ આપણા ચૈતન્યમાં શ્રીજીમહારાજની મૂર્તિ પધરાવી દીધી છે, તેથી પ્રતિલોમ દૃષ્ટિથી એ મૂર્તિ આકારે દૃષ્ટિ રાખ્યા કરવી.



## અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપા

- આપને મહારાજના ભક્ત છીએ તે જાણપણારૂપી દરવાજે રહેવું. જાણપણું એટલે મહારાજ વિના ખોટો ઘાટ થાવા ન દેવો થાય તો પસ્તાવો થાવો જોઈ કે આ ઘાટ મને થયો છે, તે મારા મોક્ષમાં બંધનકારી છે. પસ્તાવો થઈને ઈ ઘાટને ટાળી નાખે. કલ્યાણનાં દાતા એક સ્વામિનારાયણ ભગવાન છે. આ બ્રહ્માંડમાં ભગવાન દર્શન દયે છે તે પોતાનાં ઐશ્વર્ય, સામર્થી, પ્રકાશ છુપાવીને જીવના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થયા છે. નહી તો જીવ અરૂપ છે. તે ભગવાનને પણ અરૂપ ધારે. ખાવુ-પીવું, ઉઠવું-બેસવું, મારું-તારું, માંદુ-સાજું આ બધુંય દેખાડ્યું. પણ ભગવાનમાં છે નહી. કારણ કે જીવ જ્યારે સત્પુરુષનો જોગ કરી અને મહિમા સમજે ત્યારે એ અક્ષરધામના અનંત મુક્તને સુખ આપે છે. એ જ આ મને મળ્યા છે. મારી સેવાને અંગીકાર કરે છે. મારા મનોરથ પૂરા કરે છે. મારા અનાદિના વિકાર માત્ર ઈ નાશ કરે છે. આવી સમજણ સત્પુરુષ થકી થાય. શાસ્ત્રમાં તો હોય પણ શાસ્ત્રના શબ્દ સમજાય નહી એટલે અવળું પડી જાય.
- ભગવાને દયા કરી અને આપણને સત્સંગમાં જનમ આપ્યો અને સત્પુરુષના જોગે કરી અને જેમ છે એમ મહિમા સમજાય તો ભગવાનમાં હેત થાય. વર્ણાશ્રમના ધર્મની દ્રઢતા, આત્મનિષ્ઠાની દ્રઢતા, મહાત્મ્ય સહિત ભગવાનને વિષે નિષ્ઠા, અહિંસા, કોઈનો સંકલ્પ ન થાય જે આનું ભૂંડું કરવું. આગળ મોટા મોટાએ કેવા દુઃખ ભોગવ્યા. પણ સંકલ્પ ન કર્યો કે જે આનું ભૂંડું થાવ.
- મોટા પુરુષની કૃપા થાય એટલે માયાના વિકાર માત્ર ટળી જાય. સદ્‌બુદ્ધિ આવે ને ભગવાનમાં હેત થાય. જ્યાં સુધી માયામાં વિકાર હોય ત્યાં સુધી ભગવાનમાં હેત ન થાય. માયાના વિકાર ક્યારે ટળે? તો મોટા પુરુષને વિષે હેત થાય, ભગવાનને વિષે હેત થાય. દેહને દેહના સંબંધીમાં જેવું હેત છે એવું મહારાજ અને મોટાનને વિષે હેત થાય તો મહારાજ અને મોટા દયા કરી એના વિકાર માત્ર ટાળી અને પોતા જેવા સુખિયા કરી મેલે. મહારાજ અને મુક્તોનાં એવાં સ્વભાવ છે. બધાને સુખિયા કરવા છે. દુઃખિયા નથી કરવા.



## • અ.મુ.પ.પૂ. શ્રી નારાયણમામા

- સર્વોપરી પરમાત્મા મનુષ્ય દેહ ધારણ કરીને અહીં આવ્યા. પછી અનાદિ મહામુક્તોની દિવ્ય સેના મોકલી તો એમણે કામ કર્યું. એ કામ હજીયે ચાલુ જ રહેવાનું. આખું વિશ્વ સ્વામિનારાયણમય નહિ થાય, ત્યાં સુધી આ કાર્ય ચાલશે.
- આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ ગમે તેમ કરે તો વેપાર કહેવાય, ખોટ આવે, સહન કરવું પડે.
- બાધિતાનુવૃત્તિ એ પણ આપણી સેવા માટે છે, સારા માટે છે.
- આધ્યાત્મિક શક્તિનો ઉપયોગ જીવોના કલ્યાણ માટે કરવો, ભૌતિક સુખો આપવા જ ન કરવો.

# ઉપાસના

**(શ્રીહરિ ઉપાસના ચિંતામણિ - સદ્. પુરાણી ધર્મકિશોરદાસજી, મુળી રચીત)**

ધર્મનું રક્ષણ કરવા તથા અધર્મનો ઉચ્છેદ કરવાને ઉત્તર કોશળ દેશમાં શ્રીભક્તિ ધર્મ તેમનાથી દયાએ કરી છુપૈયાપુરમાં પ્રગટ થયા. અને **સર્વેશ્વર** કહેતાં પરમેકાંતિક તથા અનાદિમુક્તના સ્વામી, સુખદાતા, નિયંતા, સર્વ અક્ષરાદિથી આરંભી બ્રહ્માદિક પર્યંતના નિયામક કહેતા કહ્યું જે ''પોતે કરી જે નાના પ્રકારની યોનિયો તેમાં કારણપણે અંતર્યામીપણે (કહેતાં પોતાની પ્રકાશરૂપ અંતર્યામી શક્તિએ કરીને) રહ્યા છે.'' તે અક્ષરાદિનું અપારપણું (કા. ૧૦મા) કહ્યું જે ''જે પ્રકૃતિ પુરુષ જેવો થાય, બ્રહ્મ તથા **અક્ષર જેવો પણ થાય.**'' તેમ લખવાથી અપારપણું સૂચવે છે. વળી તે પ્રકૃતિ પુરુષ જે મૂળપુરુષ તે દ્વારાયે અનંત બ્રહ્માંડ સૃજાવે છે. તે સર્વે ઈશ્વરોને પોતાની પ્રકાશરૂપ શક્તિએ કરીને પ્રેરણા કરનારા ને તે કહ્યા જે મૂળપુરુષ તે પણ અનંત છે તેમ (મધ્ય. ૩૧મા) લખે છે કે ''એવા અક્ષરાત્મક પુરુષ ઘણાં છે.'' તે અક્ષરથી પર અને અક્ષરાદિ અનંત ઈશ્વરના ઈશ્વર, અને અવતારના અવતારી.

તે અવતારનું ન્યૂનાધિકપણું (લો.૧૪માં) કહી 'કોટિગણું શ્રી કૃષ્ણમાં હેત' કહ્યું. તેણે કરી હેત કરનાર અને જેમાં હેત કર્યું તે બંન્નેનું જુદાપણું સૂચવ્યું છે. તે શ્રીકૃષ્ણ ભગવાન ગોલોકમાં રહે છે તેમ (પ.૬માં) લખે છે જે ''રાધિકા સહિત ગોલોકવાસી પોતે છે''તેમ સૂચવ્યું. અને પોતે તો ''આ અવતાર સર્વોપરિ વર્તે છે'' તેમ અક્ષરધામવાસી પોતાનું પૃથકપણું સૂચવ્યું જેમણે એવા, અને પોતાના અમૃતરૂપ વાક્યોથી પોતાના ભક્તોને વારંવાર તૃપ્તિ કરતા એવા સદ્ધર્મ સ્થાપન કરનાર શ્રી સહજાનંદ સ્વામી ભગવાનને નમસ્કાર કરું છું.

શ્રી સ્વામિનારાયણ ભગવાનને નમસ્કાર કરીને ઉપદેશ કરનારા ગુરુમાત્રમાં સર્વોત્તમ ધર્મધુરંધર આચાર્ય મહારાજ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને નમસ્કાર કરીને ।।૧।। સંત સર્વેમાં શિરોમણિ બ્રહ્માનંદ સ્વામીને નમસ્કાર કરીને શ્રીહરિ ઉપાસના પદ છે પૂર્વ જેમાં, ઉત્તમ એવું ચિંતામણિ પદ જેમાં અંતમાં છે ને સ્ફુટ અર્થ જેમાં વર્ણવેલ છે એવો ગ્રંથ જે ''**શ્રી હરિ ઉપાસના ચિંતામણિ**'' તેને શ્રીજી મહારાજની પ્રસન્નતાર્થે મારી મતિને અનુસારે સદ્. બ્રહ્માનંદ સ્વામીના શિષ્ય સદ્. તદ્રુપાનંદ સ્વામી તેમના શિષ્ય મારા ગુરુ સ્વામી રાધામનોહરદાસજી તેમનો શિષ્ય પુરાણી સાધુ ધર્મકિશોરદાસજી નામે હું લખું છું.

શ્રી હરિએ પૃથ્વીના દક્ષિણ તથા ઉત્તર એવા બે દેશના વિભાગો કરીને પોતે પોતાના સ્થાનકે ગુરુપદમાં બે આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રઘુવીર પ્રસાદજી મહારાજને સ્થાપન કર્યા. તેમાં ઉત્તર વિભાગ જે નરનારાયણ દેશ તેમાં રહેલ આચાર્યમાં મુકુટમણિ, ધર્મધૂરવહન કરનાર આચાર્ય મહારાજ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજને નમસ્કાર કરું છું. તેમના પુત્રો મધ્યે તેજેન્દ્રપ્રસાદજીને ધર્મને રક્ષણ કરનાર એવા કરો.

સંપ્રદાયમાં થયેલા એવા ગ્રંથોમાંથી શ્રેષ્ઠ સિદ્ધાંત વિચાર કરીને આ સુખને આપનારો ગ્રંથ મેં પૃથ્વીમાં પ્રસિદ્ધ કર્યો છે. આ ગ્રંથને અનુસરવાથી શ્રી હરિના ઉપાસક સર્વે, ધર્મદેવના પુત્ર શ્રીજીમહારાજનું ધામ તેને પામશે. ને તે પામવાથી મારા પર શ્રીહરિ તથા ઉપાસકો સદા પ્રસન્ન થાઓ.

ક્રમશઃ



જેને ભગવાન સ્વરૂપની ઉપાસનાનું દ્રઢ બળ અને નિર્વાસનિકપણાની અતિશે ગાંઠ બંધાણી હોય તો તે પુરુષ ભગવાનના પ્રતાપે કરીને નિષ્કામ થાય છે.

# વિશિષ્ટાદ્વૈત

(શ્રીજીસંમત વિશિષ્ટાદ્વૈત સિંદ્ધાતસગર - શા.શ્રી ધર્મસ્વરૂપદાસજી સ્વામી રચીત)

ગતાંકથી ચાલુ.....

## પરબ્રહ્મ નિરૂપણ

હવે અંતર્યામી શબ્દાર્થનું વિવેચન કરાય છે. મૂળ અક્ષરને આરંભીને વાસુદેવ, બ્રહ્મ, કાળ, પુરુષ, મહાવિષ્ણુ, મહતત્ત્વ, વૈરાજપુરૂષ, બ્રહ્મા આદિકના અને તેથી ઓરા સર્વ પ્રજાપતિ, ઈંદ્રાદિક  દેવ મનુષ્યાદિ સર્વ જીવોના **'अंतर्यामी'** એટલે **अंतस्थित्वा** એટલે **अंतहृदये स्वकाशरुपेण स्थित्वा यमयति नियमयतीति अंतर्यामी–** પોતાના પ્રકાશરૂપ સર્વના હૃદયને વિષે અંતર્યામીરૂપે રહીને નિયમમાં કરનાર તે અંતર્યામી કહેવાય. એ પ્રકારે તે જ પરબ્રહ્મ, પુરૂષોત્તમ, દિવ્ય અવયવોવાળા, દિવ્ય મનોહર મંગળકારી છે મૂર્તિ જેમની એવા શ્રીસ્વામિનારાયણ ભગાવન નિરંતર ચિદાકાશરૂપ, દિવ્યપોતાના બ્રહ્મધામમાં દીવ્યાકારવાળા અસંખ્ય મુક્તમંડળે સહિત વિરાજમાન છે, અને અનંત ઐશ્વર્ય આદિક શક્તિઓ તેમણે સેવન કરાયેલા છે. તે જ પરબ્રહ્મ આ જગતના નિમિત્ત કારણ છે. પોતાના પ્રકાશરૂપ અંતર્યામી શક્તિરૂપે કરીને સર્વ જીવના કર્મફળ આપનારા છે. અને આ જગતના ઉપાદાન કારણ પણ છે. હવે કોઈ શંકા કરે કે **'अंतस्थित्वा'** અંદર રહીને નિયમમાં કરે એ પ્રકારની વ્યુત્પત્તિથી અંતર્યામી એટલે સાક્ષાત અંદર કહીને નિયમમાં કરે એ પ્રકારે કર્મફળ આપવાને માટે પોતે સાક્ષાત રહેલા છે, પરંતુ પોતાની શક્તિએ કરીને રહ્યા છે એમ નહિ. આવી શંકા કરવી નહિ. કારણ કે જડ, ચૈતન્યરૂપ સર્વ વસ્તુને વિષે અને અક્ષરાદિકને વિષે પોતાની પ્રકાશરૂપ અંતર્યામી શક્તિ વડે કરીને વ્યાપીને અન્વયપણે કરીને કર્મફળ આપવાને માટે રહેલા છે. અને પોતાના ઉપાસક નિષ્કામ ભક્તોને વિષે તો તેમને મોક્ષ આપવાને પોતે સાક્ષાત રહેલા છે. તે ગીતામાં કહ્યું છે, અ. ૧૧ શ્લો. ૫ ''માન મોહ રહીત. જેમણે સંગદોષ જીતેલા છે, અધ્યાત્મ જ્ઞાનવાળા, જેમની કામવાસનાઓ નિવૃત્તિ પામેલી છે, સુખ દુઃખ વગેરે જોડલાંથી મુક્ત થયેલ એવા જ્ઞાની પુરુષો ભગવાનનું જે અખંડિત પદ તેને પામે છે.'' તથા અ. ૧૮ શ્લોક. ૫૪ ''બ્રહ્મરૂપ પ્રસન્ન છે આત્મા જેનો, સર્વ જીવ પ્રાણીમાત્રને સમાન દૃષ્ટિવાળો પુરુષ શોક કરતો નથી અને કોઈ પ્રકારની ઈચ્છા રાખતો નથી. તે પુરુષ ઉત્કૃષ્ટ મારી ભક્તિને પામે છે.'' એ પ્રમાણે જે પરમ પાત્રરૂપ પોતાના નિષ્કામ ભક્તો છે તે ભકજનોને જ દિવ્યાકારવાળા પરબ્રહ્મરૂપની સાથે સાક્ષાત સંબંધ છે. બીજા કોઈને પણ વ્યતિરેક મૂર્તિનો સંબંધ નથી. બીજાઓને તો તે ભગવાનની અંતર્યામી શક્તિ સાથે સંબંધ છે. તેથી તેમનો આત્યંતિક મોક્ષ થતો નથી. તે શ્રી મુક્તાનંદ સ્વામીકૃત બ્રહ્મ સૂત્ર ભાષ્ય રત્નમાં કહેલું છે; અ.૧.પા.૧.સુ.૨. ''બ્રહ્મપુર વિષે દિવ્ય શરીરે રહેતા અને નિમિત્ત કારણે સદા વર્તતા હોઈને પ્રલયકાળે પોતાની ઈચ્છાથી સંકુચિત કરેલી સ્વપ્રકાશ પોતાની અંતર્યામી યક્તિ વડે સૂક્ષ્મ જડ–ચૈતન્ય વસ્તુઓથી યુક્ત એવા પરબ્રહ્મ, ઉપાદાન કારણ છે; અને જગતની ઉત્પત્તિ તથા સ્થિતિની અવસ્થામાં વિકસીત કરેલી સ્વપ્રકાશરૂપ અંતર્યામી શક્તિને લીધે સ્થૂળ એવી જડ–ચૈતન્ય વસ્તુઓથી યુક્ત એવા તે પરબ્રહ્મ કાર્યરૂપ થાય છે, એમ આ સત્રમાં કહ્યું છે; માટે જગતના જન્મ આદિ લક્ષણોવાળા પરબ્રહ્મ છે, એવો સિદ્ધાંત છે.''

ક્રમશઃ



વિચારે કરીને સર્વમાંથી પ્રિતી તોડીને ભગવાનને વિષે દ્રઢ પ્રિતી કરે ને સાધુનો સમાગમ રાખે તો ગૃહસ્થને પણ ત્યાગીની પેઠે ભગવાનમાં અખંડવૃત્તિ રહે.

# અનાદિમુક્ત શ્રી જાદવજીબાપાના સંભારણા

*લેખન અને રજુઆત, શ્રી મહેશભાઈ ભોજાણી-મોરબી*

શ્રી ઉદયનભાઈ ભટ્ટ કહે, ''અમારા દાદાશ્રીનું જીવન અત્યંત સરળ અને સંસ્કારિતા સભર હતું એટલે મારા પિતાશ્રીનો પણ ઉપરોક્ત ગુણોનો વારસો મળેલો અને એ વારસો અમના દ્વારા અમોને મળ્યો એટલે છેક નાનપણથી મને આધ્યાત્મિક બાબતોમાં ખૂબ જ રસ હતો પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયથી અજાણ રહેલાં તેથી હું શિરડીવાળા સાંઈબાબાનો પરમ ભક્ત બન્યો હતો. દેહના લાલન પાલન કે દૈહિક સુખો માગવા માટેનો મારોકોઈ આશય ન હતો એટલે હરહંમેશ હું મારા આત્માની ઉર્ધ્વગતિ માટે એમને પ્રાર્થના કરતો.

બન્યુ એવું કે મારા પૂ. કાકાના ઘરમાં એક વખત સાફસૂફી થતી હતી. બધી ઘરવખરીની વસ્તુઓ આઘીપાછી મૂકીને ઘર તદ્દન સાફ કરવાનું હતું. ત્યારે તેમના ઘરમાં વરસોથી પડી રહેલું અ.મુ.પ.પૂ. શ્રી અબજીબાપાશ્રીએ બનાવેલ રહસ્ય અભિપ્રાયવાળું ''વચનામૃત'' અમારા હાથમાં આવ્યું. સહજ સ્વાભાવિક ઉત્કંઠાપૂર્વક અમેં તે વાંચવાનું શરૂ કર્યું અને એવો રસ પડ્યો કે અવિરત પણે તેનું વાંચન ચાલુ જ રહ્યું અને વચનામૃતનું પુસ્તક પૂર્ણ વંચાયું ત્યાં સુધીમાં તો ભગવાનશ્રી સ્વામિનારાયણ તથા જીવનપ્રાણ બાપાશ્રીનો મહિમા ખૂબ ખૂબ સમજાયો. આ ભગવાન શ્રીહરિની મારા પરની અકારણ અસિમકૃપા હતી. મારે જે જરૂર હતી અને હું જેની ઈચ્છા રાખતો હતો તેવું શાસ્ત્ર હવે મારા હાથમાં આવી ગયું હતું. કેટલુંક આત્મા-પરમાત્મા વિશે સમજાયું તો કેટલુંક સમજવાનું બાકી હતું. મનુષ્ય દેહ મળ્યાનું અંતિમ લક્ષ્ય-ધ્યેય શુ? એ ધ્યેય સુધી પહોંચવા શુ કરવું? જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ વિષે સંપૂર્ણ સત્ય જાણવાની તીવ્ર ઉત્કંઠા હતી.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપનું દિવ્ય મૂર્તિનું સુખ પ્રાપ્ત કરવા માટે સમગ્ર ગુજરાતના ઘણાં બધા તીર્થો કે જે મહારાજના મહિમા સાથે સંકડાયેલા હતા ત્યાં બધે જ દર્શન કર્યા. આત્યંતિક કલ્યાણ જેવો શબ્દ મનમાં રમ્યા કરતો હતો. છેવટે શ્રીહરિની પ્રેરણાથી જ ઈ.સ. ૨૦૦૦ની સાલમાં બળદિયા જવાનું થયું.

બળદિયા ગામની ભૂમિમાં પ્રવેશ કર્યો ત્યાં જ ઘાટ સંકલ્પ વિરામ પામવા લાગ્યા. આનંદની અનુભૂતિ થવા લાગી. જીવનનો આ નવો જ અનુભવ હતો. બાપાશ્રીની પ્રાગટ્ય ભૂમિ અને અંતર્ધાન ભૂમિ આ બળદિયા જ છે એવું જાણ્યા પછી તે ભૂમિનું આકર્ષણ પ્રથમથી જ હતું. પરંતુ તીર્થધામ છતેડી આવ્યા પછી જે શાંતિનો અનુભવ થયો તે અલૌકિક હતો.

છતેડીધામે મંદિરમાં મેં પ્રવેશ કર્યો ત્યાં જ મારા જીવનની એક મહત્ત્વપૂર્ણ ઘટના બની. સૌપ્રથમ મને અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપાશ્રીના દર્શન થયા. કેટલાક હરિભક્તો પૂ. શ્રી જાદવજીબાપાને વીંટળાઈને ઉભા હતા. પૂ. જાદવજીબાપા હાથમાં પાણી લઈ તેઓને વર્તમાન ધરાવતા હતા. મેં પણ હાથ લાંબો કર્યો.બાપાશ્રીએ મારા હાથમાં પાણી આપી વર્તમાન ધરાવ્યા અને કહ્યું કે, ''જાઓ; તમારા ચૈતન્યને મુક્ત બનાવી મૂર્તિમાં રાખ્યો''આમ કહી બાપાએ ખૂબ રાજીપો દર્શાવ્યો. મને તે વખતે ખબર ન હતી કે મારા જીવનની આ એક મહત્ત્વપૂર્ણ ઘટના હતી. પૂ. શ્રી જાદવજીબાપાશ્રીના પ્રથમ દર્શને જ મારૂં કામ પૂર્ણ થઈ ગયું હતું. છતાં એ વખતેતો ''મૂર્તિમાં રાખ્યા''એ બહુમૂલ્ય આર્શીવાદના મૂલ્યની પણ ખબર નહતી. છતેડીધામથી દર્શન કરી હું મારા ઘેર ગયો ત્યારે આત્મામાં અજબ શાંતિ વર્તાતી હતી.

મારા વ્યસ્ત જીવનમાં મારે આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્તિ માટે વાંચન કરવા માટેનો કે સત્સંગ માટેનો સમય કાઢવો કઠીન હતો. હું સવારે ૬:૩૦ કલાકે ઘેરથી મારા

વ્યવસાય માટે - આર્થિક ઉપાર્જન માટે નીકળી જતો તે છેક રાત્રિના ૧૦:૦૦ કલાકે ઘેર પહોચતો. ખૂબ જ પરિશ્રમ થી માનસિક થાક લાગતો તેથી રાત્રિ ભોજન લઈ બીજા દિવસની થોડી તૈયારી કરી આરામ માટે શયન કરવાનું થતું, તેથી આધ્યાત્મિક બાબતોનું મારૂં જ્ઞાન તદ્દન નહીંવત હતું.

જો કે આવા વ્યસ્ત સમયકાળ દરમિયાન પણ મેં વૃષપુરધામે છતેડીથી ઉપલબ્ધ બધા પુસ્તકો વાંચ્યા તેમજ કાલુપુર મંદિરમાં મળતા પુસ્તકો તથા શ્રી સ્વામિનારાયણ ડીવાઈન મીશનમાંથી ઉપલબ્ધ મોટા ભાગના પુસ્તકોનું વાંચન ઘણાં ટૂંક સમયમાં કરી લીધું. પહેલા હું જે વાંચન કરતો ધીરે ધીરે તો તે સમજાતું ઘણું ઓછું. પરંતું ધીરે ધીરે એ પુસ્તકોનું વાંચન કરું તે બિલકુલ સમજાવા લાગ્યું. આ મારા જીવનનો મોટો ચમત્કાર હતો. વળી આટલાબધાં પુસ્તકો મારાથી ક્યારે અને કેમ વંચાયા એનું મને આશ્ચર્ય થયું પરંતુ પછી સમજાયું કે આ બધો અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપાશ્રીના રાજીપાનો પ્રતાપ હતો. અત્યંત ટૂંકા ગાળામાં મારૂં પરિવર્તન થઈ ગયું.

પૂ.શ્રીજાદવજીબાપાશ્રી પાસે વર્તમાન ધરાવ્યા પછીથી થોડાંક જ મહિના પછી એક વખત હું નિત્ય પૂજા કરતો હતો ત્યારે સાથોસાથ મારા માનસપટ ઉપર એક કીર્તન અંકીત થઈ ગયું. વર્તમાન ધરાવ્યા પછી અવરભાવમાંથી પરભાવ તરફ, મૂર્તિના સુખ તરફ, અનાદિ મુક્તની સ્થિતિ તરફ આત્માના પ્રયાણનું નિરુપણ કરાવતું આ કીર્તન રચાઈ ગયું.

**કીર્તનઃ-**

મૂર્તિમાં છુ જ હું તો મૂર્તિમાં છું જ;
વર્તમાન ધરાવ્યા ત્યારથી મૂર્તિમાં છું....૧
જાદવજીબાપાની કૃપા થઈ છે ઘણી,
વર્તમાન ધરાવી મને મૂર્તિ દઈ આણી;
અપાર-અપાર સુખની જીવે મજા માણી...વર્તમાન ...૨
નેત્રેથી નેત્રની ને કર્ણોથી કર્ણની;
હસ્તથી હસ્તની ને ચરણોથી ચરણની;
નખનિશખા પર્યંત એકતામાં છું....વર્તમાન ...૩
માયા ટાળીને દેહભાવ ટાળ્યા;
શ્રીજી સંકલ્પ એક મહારાજ રહ્યા;
કર્તા-હર્તા તો હવે મહારાજ થયા...વર્તમાન ...૪
કર્મ રહ્યુંના, કાળના રહ્યો;
ત્રણે ગુણોથી જીવ પર થઈ ગયો;
સ્વામી-સેવકનો એક ભાવ જ રહ્યો..વર્તમાન ..૫
અનુભવજ્ઞાન મૂર્તિમાં ખેંચી જશે;
સ્વામી-સેવકભાવ દૃઢ થતો જશે;
બસ એક મહારાજ જ એમ થઈ જશે...વર્તમાન...૬
અનાદિકાળથી મૂર્તિમાં છું....મૂર્તિમાં છું... મૂર્તિમાં છું...૬

જીવનમાં નાના-મોટાં ચમત્કારો કદાચ અનેક થાય પરંતુ એક સામાન્ય કક્ષાના જીવને જીવન-મરણના ફેરામાંથી મુક્ત કરી આત્યંતિક મોક્ષ સુધી લઈ જવાનો ચમત્કાર તો અદ્વિતીય કહેવાય. આનાથી મોટો ચમત્કાર બીજો ક્યો હોઈ શકે?

અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપાએ વર્તમાન ધરાવ્યા પછી અંગ ફરી ગયું. બધુ બદલાઈ ગયું. જીવન ધન્ય બની ગયું.

સદાય મૂર્તિ ભેળા પ્રગટ એવા મહાન ઉપકારક પ.પૂ. શ્રીજાદવજીબાપાના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ દંડવત્ પ્રણામ.

સંકલન : અ.મુ.શ્રી મેઘજીભાઈ કે. વિઠાણી, વડોદરા

# આધ્યાત્મિક જ્ઞાન

ગતાંકથી ચાલુ.....

૧૯૩ શ્રીજીમહારાજ કહે,''અમારું બિરુદ છે કે અમારા આશ્રિતને અંતકાળે જરૂર તેડવા આવવું.'' તો આશ્રિત કોને કહેવાય? જે ભગવાનની આજ્ઞાઓનું પાલન અણીશુધ્ધ રીતે કરવા સતત પ્રયત્નશીલ રહે ને શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના દ્રઢ હોય તેને.

૧૯૪ મહારાજે અયોધ્યાપ્રસાદજીને દર્શન આપીને કહેલું કે હું તો સર્વોપરી પરમાત્મા છું. મારાથી પર કોઈ જ નથી. હું સર્વમાં રહીને કામ કરું છું. અનંત બ્રહ્માંડો મારા સંકલ્પથી અને મારી ચડાવેલી કળ વડે ચાલે છે. નિર્ગુણદાસજીસ્વામી મારું સ્વરૂપ ઓળખાવે છે; તો તમે એમને કાઢી મૂકવા માગો છો? આ ખોટું કરો છો. અયોધ્યાપ્રસાદજી કહે,''પ્રભુ ! મને આ ખબર નહોતી. આજે જ ખબર પડી. હવે હું આ વાત બધાંને કરીશ ને નિર્ગુણદાસજીસ્વામી મુક્ત કંઠે પ્રચાર કરશે, એમનો કોઈપણ વિરોધ નહિ કરે. '' પછી સ્વામીએ છૂટથી સર્વોપરીપણાની વાતો કરવા માંડેલી.-મામાશ્રી.

૧૯૫ મામા કહે છે કે ભગવાને મહાસત્તા આપીને, મૂર્તિમાં રાખવાની સંપૂર્ણ સત્તા અને સામર્થ્ય આપીને બાપાશ્રીને આ પૃથ્વી ઉપર પ્રગટ કર્યા, આ હકીકત છે. બારસો સાધુ અને પાંચસો પરમહંસ સહિત શ્રીજીમહારાજની સાક્ષીએ કહું છું કે આ જે સર્વોપરીનું જ્ઞાન તથા મૂર્તિમાં સળંગ રહી રસબસ રહેવાની રીત જે બાપાશ્રી અને સદગુરુઓએ સમજાવી એ સંપૂર્ણ સત્ય છે, કપોળકલ્પિત નથી.

૧૯૬ પ્રવૃતિ :: મહારાજ કહે છે કે કેવળ આત્મનિષ્ઠ ત્યાગી થઈને વનના મૃગલાની પેઠે ઉન્મત થકો એટલો ફરતો રહે (એકડમલ થઇ જાય) તેના કરતા ભગવાન ને ભગવાન અર્થે પ્રવૃતિમાં જોડાવું તે શ્રેષ્ઠ છે ને એનું નામ જ ભક્તિ છે. ભક્તિ કહેતા સેવા. પણ પરમેશ્વરના નિયમમાં રહીને અને કામ, ક્રોધ, લોભ, આશા, તૃષ્ણા, સ્વાદ આદિક જે વિકાર તેનો ત્યાગ કરીને નિષ્કામભાવે સેવાને અર્થે પ્રવૃતિ માર્ગને વિષે વર્તવું તો એને કોઈ જાતનું બંધન થાય નહિ. એવો ત્યાગી કેવળ આત્મનિષ્ઠ ત્યાગી કરતા શ્રેષ્ઠ છે ને અમારી કૃપાનું પાત્ર છે.(વ.વ.૧૭). ।। મૂર્તિમાં કઈ પ્રવૃતિ કરવાની છે ? મહારાજે મૂર્તિમાં રાખ્યા તે મૂર્તિનું સુખ ભોગવવું તે પ્રવૃતિ છે. તેમાંથી તૂટક થવું તે નિવૃત્તિ છે. અનાદિકાળના માયામાં હતાં ત્યારે નિવૃત્તિમાં જ હતા પણ એમાં શું વળ્યું ?

૧૯૭ ભૌતિક વસ્તુની અંદર ભૌતિક વસ્તુ ન રહી શકે કારણકે એ જગ્યા રોકે છે. દિવ્ય વસ્તુ જગ્યા રોકતી નથી. અનેક દિવ્ય વસ્તુ એક દિવ્ય વસ્તુમાં એકમેકની સાથે રહી શકે છે. એમાં કોઈ સંકોચ-વિકાસ અવસ્થા જ નથી. સંકોચ-વિકાસ અવસ્થા અવરભાવમાં (આ લોકમાં) ભૌતિક વિજ્ઞાનને આધારે છે. દિવ્ય વસ્તુ ભૌતિકવાદથી પર છે. ભૌતિક ને દિવ્ય વસ્તુમાં આસમાન જમીનનો ફરક છે. દિવ્ય વસ્તુ એવી છે કે જેને એનો સ્પર્થ થાય એ પણ દિવ્ય બની જાય-મામાશ્રી.

૧૯૮ અનંત કોટી બ્રહ્માંડો છે જ્યાં મનુષ્યોની વસ્તી છે. આપણા સૂર્યમંડળની બહાર તો કોઈ જઈ શકે તેમ નથી. જે ગ્રહો છે એમાં જ વિજ્ઞાન આંટા મારે છે. આવા તો અનંત બ્રહ્માંડો છે કે જ્યાં ભગવાન સ્વામિનારાયણનું વિચરણ થઇ ચૂક્યું છે. ત્યાં સ્વામિનારાયણ, સ્વમિનારાયણ પણ થાય છે.-મામાશ્રી.

૧૯૯ મોહ :: માહનું રૂપ શું છે ? પોતાનો અવગુણ ન સૂજે તે. હૃદયમાં મોહ વ્યાપે ત્યારે જીવને પોતાનો અવગુણ સૂજતો નથી. જીવને મોહે કરીને દેહના રૂપમાં આનંદ મનાય છે, પણ એમાં છે શું? હાડકાની મેડી ને માંસના પીંડા. જ્યાં જુઓ ત્યાં ગંદવાડ, નરકની ખાણ. તેમાં શું મોહ કરવા જેવું ને આનંદ માનવા જેવું છે? માટે દેહમાં મોહ કરવો નહિ. આપણે તો અજર, અમર, તેજોમય, આનંદઘન એવા આત્મા છીએ. દેહ તો માયામય ને ભાડાનું ઘર છે. આપણું અસલ ઘર તો મહારાજની મૂર્તિ છે તેમાં રહેવાનું છે. -બાપાશ્રી.

૨૦૦ ધામને વિષે મૂર્તિઓ તથા ઐશ્વર્ય દેખાડે છે, તે કિયા જાણવા? (પ્ર. ૯). મૂર્તિઓ તે અનાદિમુક્ત મૂર્તિમાં રહ્યા છે તે સમજવા અને મૂર્તિમાંથી સુખ આવે તે ઐશ્વર્ય જાણવા.-બાપાશ્રી.

**ક્રમશઃ**

# શ્રીજી પ્રસાદી પત્રોમાંથી આધ્યાત્મિક ઉપદેશ

**શ્રી અનિર્દેશથી લિખાવિતં સ્વામી શ્રી સહજાનંદજીના જય સ્વામિનારાયણ વાંચજો.**

*સંકલન : શ્રી કલ્યાણ નારણ વેકરીયા*
*બળદિયા (તંત્રીશ્રી-મૂર્તિ)*

(૧) પ્રાણ અપાન વાયુની ગાંઠ જ્યાં પડે છે ત્યાં તેજનું ઘર છે તે જ ઠેકાણે સુષુમ્ણા નામે નાડી રહી છે. તે જ ઠેકાણે જીવ રહ્યો છે. તે જે ઠેકાણે પ્રત્યક્ષ પુરુષોત્તમની મૂર્તિને ધારીને નખ-શીખ પર્યંત સર્વે અંગનું ચિંતવન કરવું અને પોતાોની આંખમાં પ્રભુની આંખ જોવી, કાનમાં કાન જોવા, પગમાં પગ જોવા નખમાં નખ જોવા. એ આદિક સર્વે અંગને જોવા અને હું તો ચૈતન્યરૂપ છું, પ્રભુના તદાત્મકપણાને પામ્યો છું, એવી રીતે નિરંતર ભજનમાં રહેવું તેને ભક્તિ કહીએ. એવી નામીએ સહિત નામરૂપ ભક્તિ જે કરશે તે ખટચક્ર ભેદીને વૈકુંઠથી પર ગોલોક તેથી પાર ચિદાકાશ તેને વિશે પ્રવેશ કરશે અને દેહ સતે પુરુષોત્તમનું ધામ દેખાશે.

(૨) જીવ જ્યારે સ્વાધીનપણે ભગવાનની મૂર્તિના ધ્યાનને આલંબને કરીને અથવા અષ્ટાંગયોગના આલંબને કરીને અથવા વ્યષ્ટિ, સમષ્ટિને વિષે રહ્યું જે પુરુષોત્તમનું સ્વરૂપ તેમજ જીવનું સ્વરૂપ તેના વિચારના આલંબને કરીને એવી રીતે ભક્તિ તથા વિચારના આલંબને કરીને દેહને વિષે અવકાશ પ્રત્યે સ્વાધિનપણે પ્રવેશ કરે ત્યારે પુરુષોત્તમનું સ્વરૂપ જે પ્રત્યક્ષ છે તેને દેખે તથા બ્રહ્મલોક, વૈકુંઠ આદિક ધામને દેખે એમ દેહના વિવરને વિષે પ્રતિલોમપણે કરીને જ્યારે પ્રવેશ કરે ત્યારે જ શાંતિને પામે, પણ એ વિના વેદાંતશાસ્ત્ર કે ભક્તિશાસ્ત્રના શ્રવણે અથવા કહેવે કરીને કે તિવ્ર વૈરાગ્ય કરીને પણ શાંતિ ન પામે.

(૩) રાજાઓ કો મારને વાસ્તે મેં શ્રીકૃષ્ણ હોકર પ્રકટ હુઆ થા. આજ તો મેં અવિદ્યારૂપ માયા હૈ, તિસકે નાશકે ઓર જીવકો બ્રહ્મરૂપ કરના વાસ્તે પ્રગટ હુઆ હું. યે જો વેદકા વચન હૈ ઉસે મેં આજ સત્ય કરતા હું. જબ મેરે સ્વરૂપ કા નિશ્ચય હોગા તબ ઉસકા કાલ નામ નહિ લેવેગા.

(૪) ભજનકા કરનેવાલા સત્સંગી પહેલે સિદ્ધાસન કરકે બેઠ કે નાસિકાગ્રે દૃષ્ટિ રખે ઔર હૃદયકી માંહી જહા પ્રાણ ઔર અપાનકી જો ગાંઠ હૈ તિસ જગહ દેખે રહેના ઔર શુભ-અશુભ સંકલ્પ સે જુદા જો દૃષ્ટા તિસમેં દેખ રહેના ઔર ઉસ સ્વરૂપ કો અપના સ્વરૂપ માનના. ઈસ રીતસે ભજન મેં સત્સંગીકુ બેઠના.

(૫) પોતાને જીવ ન માનવું પણ એમ જાણવું જે હું બ્રહ્મ છું, હું સાક્ષી છું અને તે જ આત્મા છે. માટે આત્મબુદ્ધિ સ્વામીને વિષે રાખવી જે મારૂ સ્વરૂપ તે સદ્‌ગુરૂ તે સદ્‌ગુરૂને વિષે દેશકાલ પરઠવો નહિ. પોતાના હૃદયમાં જ બીરાજે છે એમ જાણવું. એમ ન સમજે તે મૂર્ખ છે, વચનદ્રોહિ છે તે માટે દેશકાળ પરઠવો નહિ. એમ જાણવું જે ઈશ્વર તે હું છું અને હું તે જ ઈશ્વર છે. એવી રીતે વાત કરવી સત્સંગીમાં અને સમઝવું પણ એમ. 'અહમ્ બ્રહ્માસ્મી' પોતાનું રૂપ જાણવું.

(૬) શાસ્ત્રમાં રામકૃષ્ણાદિક અવતારની કથા કલ્યાણકારી છે. પણ જૈન ધર્મમાં એકલું કર્મ અને વેદાંતમાં એકલું બ્રહ્મ પણ અવતારની કથા નહિ. અને પરબ્રહ્મ પુરુષોત્તમ નિર્ગુણપણે પુરુષરૂપે કરીને અવતારાદિકને ગ્રહણ કરે છે અને વ્યતિરેકપણે તો જુદા છે. અને એ અવતારો ની કથા સત્ય છે અને કલ્યાણને અર્થે છે. અને અવતારના પ્રતિપાદન વિનાના શાસ્ત્ર કલ્યાણને અર્થે ન માનવા. અને કેવળ કલ્યાણને અર્થે તો એક ગીતા છે.

(૭) તીર્થ અને પ્રતિમા અને સત્સંગને પામ્યાનું સાધન છે. જે જે સત્સંગમાં આવ્યા છે તે તીર્થ અને પ્રતિમામાં આસ્થાવાળા જ આવ્યા છે. અને એ આસ્થાવગરના કોઈ આવ્યા નથી એન આવશે પણ નહિ. માટે તીર્થ, પ્રતિમા, ગાય, બ્રાહ્મણ એની જે અવજ્ઞા તે વચન દ્રોહી છે.

# બાપાશ્રી નારાયણમામાની નજરે

શોધન : શ્રી જયેશભાઈ ગોહિલ- સુરત

બાપાશ્રીએ તો એમ કહ્યું કે જે પંચવર્તમાન પાળે, ભગવાન સ્વામિનારાયણની આજ્ઞા પાળે અને ભગવાનને જેવા છે તેવા ઓળખે એ બધા એક મંડળ છે. બાપાશ્રીની વાણીને જીવનમાં ઉતારવા જેવી છે. અદેખાઈ, ઈર્ષ્યા, દ્વેષ બાપાશ્રીને આ ગમતું જ નહિ.

એક વખત બાપાશ્રી અમદાવાદ પધાર્યા હતા. સાથે સંતવૃંદ હતું. હરિભક્તો પણ ઝાંઝ વગાડી કીર્તન ગાતા ચાલતા હતા. પણ શી ખબર કેમ આખા ગામને ખબર પડી ગઈ કે આવા એક જ પુરુષ અત્યારે છે કે જે ભગવાનની દિવ્ય મૂર્તિમાં રમે છે. કિલ્લોલ કરે છે. ભગવાનના અન્ય બધા ભક્તો છે, ધર્મ પરાયણ છે, અનન્ય નિષ્ઠાવાળા છે, ઉચ્ચ સાધન દશાવાળા છે.પણ આ પુરુષની જોડ જોવા મળે એવું નથી. એ પુરુષ આવ્યા છે. એવા સમાચાર સાંભળતા છાપરા ઉપર લોકો ચડી ગયા. સરસપુરની નજીકની સરસ્વતી વિદ્યાલય છે. તેની અંદર જે બાળકો ભણતા હતા તેમને પણ છોડી  મૂક્યા જોવા માટે અને બધા જ બાપાશ્રીના દર્શન કરે, છાપરા ઉપરથી ફુલની વૃષ્ટિ કરે, કુમકુમ નાખે અને કેટલાક બાળકો કોર્ડન તોડીને અંદર ઘૂસી જાય ને કહે કે બાપા! ચાંદલો કરો! તો હાથમાં કંકુ રાખ્યું હોય તેનાથી બાપા ચાંદલો કરે, કંકુ ખૂટી હયું તો કેટલાક બાળકો આવે ને કહે કે કાંઈ નહિ ધૂળની ચપટીથી ધૂળનો ચાંદલો કરશો તોય ચાલશે. બાપાશ્રીને તો કાંઈ ખબર નહિ. એતો મહારાજની મૂર્તિની લક્ષસ્થિતિમાં હોય અને ધૂળનો ચાંદલો કરે ત્યાં કંકુનો ચાંદલો થઈ જાય. આ કોનો પ્રતાપ? ભગવાન સ્વામિનારાયણનો. આવા હતા અનાદિ મહામુક્ત બાપાશ્રી કે જેમનામાં સ્વામિનારાયણ ભગવાન પોતે પ્રકાશી રહ્યા હતા અને આશીર્વાદ આપતા હતા. તો બાપાશ્રીના દર્શન કરવા આપણને ન મળ્યા એનો અફસોસ થાય કે નહિ? ત્યારે વિચાર કરો કે એ કેટલા ભાગ્યશાળી કહેવાય કે જેણે બાપાના દર્શન કર્યા. બાપાનો જોગ થયો. બાપાને દિવ્ય સમજી આશીર્વાદ લીધા.

નારાયણમામા કહે, હું તો લાખો કરોડોની સભામાં એમ પૂછું કે તમે એક પણ એવી બાબત બતાવો કે જે અબજીબાપાશ્રીમાં બરાબર ન હતી. બાપાશ્રી કોણ હતા એ તમને ખબર છે? મહારાજના સંકલ્પથી મહારાજના સુખમાં રહ્યા થકા એ મહારાજના અનાદિમુક્ત અહીં દેખાયા. એમનામાં રહીને દર્શન આપનારા સ્વામિનારાયણ ભગવાન હતા.

બાપાશ્રીએ વચનામૃત રહસ્યાર્થ પ્રદીપીકા ટીકા કરી એ બેસ્ટ ગાઈડ છે. પ્રમાણભુત ગાઈડ છે. સર્વોપરી તત્વજ્ઞાનની પ્રમાણભુત માર્ગદર્શિકા છે. આવી હજી સુધી લખાઈ નથી. અને કોઈ લખવા જાય છે. તો ભુલો કરે છે. કારણ કે ત્યાં દિવ્યસ્થિતિમાં પહોચ્યાં ન હોય ને લખે. એમાં શુ ભલીવાર હોય? એવી આ ટીકા સત્પુરુષનું માર્ગદર્શન છે. એવું સમજાવે છે. તો આ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા કરીને કેટલો બધો ઉપકાર કર્યો! એવા અનાદિમુક્તરાજ બાપાશ્રીને સત્સંગ કેમ ભૂલી શકે? જો ભૂલી જાય તો કૃતઘ્નીપણું કહેવાય. એટલે નહિ ભૂલવું જોઈએ. એટલે પ્રદીપિકા ટીકા ભગવાનનો મહિમા. ભગવાનનું સ્વરૂપ સમજાવે છે.

નારાયણમામા કહે છે, કે રહસ્યાર્થ વચનામૃતમાં બે અનુક્રમણિકાઓ હોય છે. રહસ્યાર્થ અને ટીકાસ્થ એ બે અનુક્રમણિકામાં તત્ત્વજ્ઞાનના બધા વિષયો આવરી લીધા છે. તો એ અનુક્રમણિકા લઈ અને એક એક શબ્દ ક્યા ક્યા વચનામૃતમાં છે અને ટીકામાં શું સમજાવ્યું છે એ સમજીને પાકું કરી લેવું. મહારાજની વાણી મોઢે કરવા. કારણ કે એ વચનામૃત અને ટીકા તો મહારાજ અને બાપા બન્ને પ્રત્યક્ષ થયાને? કારણ કે અંદર સમજણ જ આપી છે. તો અનુક્રમણિકા પ્રમાણે અભ્યાસ કરવો.

મહારાજે પોતાના સંકલ્પ સ્વરૂપ અબજીબાપાશ્રી દ્વારા રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા કરાવી. તેમાં ગોપાળાનંદ સ્વામીએ આપેલી સમજૂતી આવી જાય છે. મેં ખૂબ વિચાર કર્યો ત્યારે મને એમ લાગ્યું કે સ્વામિનારાયણ ભગવાનને ઓળખવા માટે એ ગ્રંથ ખૂબ જ ઉપયોગી છે. સ્વામિનારાયણ ભગવાન એમના અનાદિમુક્ત જે અબજીબાપાશ્રી એ કણબી જ્ઞાતિમાં પ્રગટ થયા. એમણે વચનામૃત રહસ્યાર્થ સુંદર ગ્રંથ આપ્યો. એ કંઈ જેવી તેવી વસ્તુ છે? એમનું તો સન્માન કરવું જોઈએ. બાપાશ્રીએ છેલ્લા જન્મના આર્શીવાદ આપણને પાઠવ્યા એથી શું વિશેષ જોઈએ?

# કેળવણી

## વાંચન સ્પર્ધા

શ્રી ઘનશ્યામ એકેડમી (અંગ્રેજી માધ્યમ) બળદિયા મધ્યે શાળાના સીસીએ વિભાગ દ્વારા વાંચન સ્પર્ધાનું આયોજન કરાયું.

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી અને શ્રી સ્વામિનારાયણ સેકન્ડરી ઈંગ્લિશ સ્કૂલ બળદિયા મધ્યે તારીખ ૨૦ જુલાઈ ૨૦૨૨ બુધવારના રોજ વિદ્યાર્થી પોતાના વાંચન પ્રત્યે જાગૃત બને, નવું નવું વાંચતા શીખે કોઈપણ જાતના ડર વગર યોગ્ય ઉચ્ચારણ સાથે વાંચે તે માટે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધોરણ ૧ થી ૯ સુધીના વિદ્યાર્થીઓન સંમેલિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાને વધુ આકર્ષિત બનાવવા આચાર્યા શ્રી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ શાળાના અલગ અલગ હાઉસ જેમ કે નોલેજ, ઈન્ટેલિજન્સ, એક્સિલન્સ અને જીનીયસ વચ્ચે સ્પર્ધા ગોઠવવામાં આવી જેમાં ધોરણ ૧ માં સરૈયા મુમો, ધોરણ ૨ માં ઉમરાણીયા પ્રણવ, ધોરણ ૩માં કેરાઈ ઋત્વિક, ધોરણ ૪માં મેહતા યુગાન,ધોરણ ૫માં વેકરીયા રશ્મિ અને પટેલ અક્ષ, ધોરણ ૬ માં વેકરીયા વંશ, ધોરણ ૭માં પરમાર દેવાંશુ, ધોરણ ૮માં કેરાઈ પ્રિયાંશી અને ધોરણ ૯માં મુંધાવા નીકુલ અને ધોળું અક્ષત પ્રથમ નંબર આવ્યા હતા. જેમાં ઈન્ટેલિજન્સ હાઉસ પ્રથમ એક્સીલેન્સ તથા જીનીયસ વચ્ચે ટાઈ સાથે બીજું અને નોલેજ હાઉસ ત્રીજા સ્થાને આવ્યું હતું.

આમા બાળકો ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લે તે માટેનો હેતુ હતો. સ્પર્ધાનું સમગ્ર આયોજન શાળાના એક્સિલન્સ હાઉસ દ્વારા કરવામાં આવ્યું હતું.

## રાખડી સ્પર્ધા

શ્રી અબજી બાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી અને શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળામાં રાખડી સ્પર્ધાનું આયોજન કરાયું.

શ્રી અબજી બાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી અને શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળામાં શાળાના આચાર્ય શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ તારીખ ૩૦-૭-૨૦૨૨ ને શનિવારના રોજ રાખડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ અને ધોરણ ૨ ના બાળકોને રાખડીના ચિત્રમાં રંગબેરંગી રંગ કર્યો હતો અને ધોરણ ૩ થી ૫ના બાળકોએ રાખડીમાં રંગ પૂરી અને તેને પોતાની કલાત્મક શક્તિ દ્વારા શણગારી હતા. ધોરણ ૬ થી ૯ના બાળકોએ મોતી, દોરી, હીરા, મોરપીચ્છ જેવી શણગારની વસ્તુઓ દ્વારા કલાત્મક રાખડી બનાવી અને પોતાની વિશિષ્ટ કલાને અદભુત રીતે રજૂ કરી હતી. આ રાખડી સ્પર્ધાનો મુખ્ય હેતુ બાળકો પોતાનામાં રહેલી કલાનો ઉપયોગ કરી અને અનોખું સર્જન કરે એ રહ્યો હતો. આ સ્પર્ધાના આયોજનમાં શાળાના નોલેજ હાઉસના શિક્ષકો અર્ચના જોશી, દિપાલી ગોસ્વામી, મમતા ડોડિયા અને દક્ષા રાઘવાણીનો મહત્ત્વનો ફાળો રહ્યો હતો.

## 'આઝાદીકા અમૃત મહોત્સવ' અંતર્ગત ''હર ઘર તિરંગા''ની થીમ સાથે ચિત્ર સ્પર્ધા

શ્રી ઘનશ્યામ એકેડમી અંગ્રેજી માધ્યમ બળદિયા ખાતે 'આઝાદીકા અમૃત મહોત્સવ' અંતર્ગત ''હર ઘર તિરંગા''ની થીમ સાથે ચિત્ર સ્પર્ધા યોજાઈ.

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી અને શ્રી સ્વામિનારાયણ સેકન્ડરી ઈંગ્લિશ સ્કૂલ, તાલુકો ભુજ-કચ્છ મધ્યે શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ આઝાદીકા અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગાની થીમ ઉપર શાળાના સીસીએ વિભાગ દ્વારા પ્રાયોજિત અને શાળાના ઈન્ટેલિજન્સ હાઉસ આયોજિત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું.

તારીખ ૬ ઓગસ્ટ ૨૦૨૨ શનિવારના રોજ શાળાના પ્રાર્થનાખંડમાં નર્સરી વિભાગ, લોવર પ્રાઈમરી, અપર પ્રાઈમરી અને સેકન્ડરી સેક્શનમાં સમાવિષ્ટ વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ માટે ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધાના અંતે નિર્ણાયકો દ્વારા નિરીક્ષણ કરી પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમાંક આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈન્ટેલિજન્સ હાઉસના હેડ શ્રી દેવરાજભાઈ ચૌચેટા કો ટીચર પ્રિયાંશી વાલાણી, વિશ્વ બુદ્ધભટ્ટીએ કર્યું હતું. અને શાળાના સર્વે શિક્ષક મિત્રોએ આ કાર્યક્રમને સફળ બનાવવામાં જહેમત ઉઠાવી હતી.

## આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી

અમારી શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તારીખ ૪-૮-૨૦૨૨ને ગુરુવારનાં દિવસે **'आजादी का अमृत महोत्सव '** કાર્યક્રમ અંતર્ગત શાળાના આચાર્યશ્રી ડૉ.એસ.એમ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થયા એ બદલ સમગ્ર ભારતમાં ઉજવવામાં આવ્યો હતો. આ સ્પર્ધાઓમાં ધોરણ ૬ થી ૯નાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ધોરણ ૬ થી ૭માં રાષ્ટ્રીય એકતાના પ્રતિક સમા રાષ્ટ્રધ્વજનું ચિત્ર બાળકોએ સરસ રીતે ચિત્રિત કર્યું હતુ. જેમાં સૌથી સુંદર

ચિત્ર દોરનાર ત્રણ વિદ્યાર્થીઓને એક થી ત્રણ નંબર આપી પ્રત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં ધોરણ ૬ અને ધોરણ ૭માં એકથી ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થીઓના નામ નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. કાતરીયા ક્રિષ્ના ભરતભાઈ – ૬ | ૧. સોરઠીયા પ્રિન્સ વિજયભાઈ – ૭ |
| ૨. ચાવડા આયુષ શામજીભાઈ – ૬ | ૨. છાભૈયા ખુશાલ હિમતભાઈ – ૭ |
| ૩. રબારી રાજા કરમશીભાઈ – ૬ | ૩. ચાવડા મિત વેલજીભાઈ – ૭ |

ધોરણ ૮ અને ૯માં નિબંધલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૮માં 'આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી' તથા ધોરણ ૯માં 'ભારતદેશ' વિષય પર નિબંધ લેખન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ પોતાના ભાષામાં સરસ મજાનો નિબંધ લખ્યો હતો. જેમાં સૌથી સુંદર લખાણ લખનાર ત્રણ વિદ્યાર્થીઓને એક થી ત્રણ નંબર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં ધોરણ ૮ અને ધોરણ ૯માં એક થી ત્રણ નંબર મેળવનાર વિદ્યાર્થીઓના નામ નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. વાણીયા કેતન અશ્વિનભાઈ –૮ | ૧. ચાડ સૌરભ ભારાભાઈ –૯ |
| ૨. પટેલ અર્થ જનકભાઈ – ૮ | ૨. જાકસણીયા યક્ષ નરેન્દ્રભાઈ – ૯ |
| ૩. સોરઠીયા કાર્તિક સુનીલભાઈ – ૮ | ૩. બાંભણિયા સાવન વિનોદભાઈ –૯ |

આ કાર્યક્રમ ઉજવ્યા બાદ શાળાના આચાર્ય શ્રી ડૉ એસ.એમ.પચેલ સાહેબે ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને તથા સ્પર્ધામાં ૧ થી ૩ નંબર મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. તથા દરેક વિદ્યાર્થીઓને ભણવાની સાથે સાથે આવી અવનવી પ્રવૃત્તિઓમાં પણ રૂચી રાખવા જણાવ્યું હતું.

**૭૬માં સ્વાતંત્ર્ય પર્વની રાષ્ટ્રભાવના સાથે ઉજવણી**

શ્રી અબજી બાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર બળદિયા મધ્યે ૭૬માં સ્વાતંત્ર્ય પર્વની રાષ્ટ્રભાવના સાથે ઉજવણી કરાઈ .

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી અને શ્રી સ્વામિનારાયણ સેકન્ડરી ઈંગ્લિશ સ્કૂલ, તાલુકો ભુજ-કચ્છ મધ્યે શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ તારીખ ૧૫ મી ઓગષ્ટ ને સોમવારના રોજ આપણા રાષ્ટ્રના ૭૬માં સ્વાતંત્ર્ય પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત સૌપ્રથમ શાળાના બાળકો દ્વારા કદમતાલ સાથે રાષ્ટ્રગાન ગવાયું. ત્યારબાદ મુખ્ય અતિથિ શ્રી ગોપાલભાઈ કરસનભાઈ વેકરીયા (બાપા વારા)ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. ત્યારબાદ ધ્વજને સલામી, ઝંડા ગીત અને ધોરણ ૮ અને ૯ ના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ દ્વારા ડમ્બલ્સ શો, ધોરણ ૬ની વિદ્યાર્થીનીઓ દ્વારા રાષ્ટ્રભાવના સભર ગીતો ઉપર નૃત્ય રજૂ કરાયું બાદ ધોરણ ૬, ૮ અને ૯ના વિદ્યાર્થીઓ દ્વારા પિરામિડ, તિરંગા શો વગેરે રજૂ કરાયું,

ધોરણ ૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની જોશી રિયા અને શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર બળદિયા શૈક્ષણિક સંકુલના માર્ગદર્શક શ્રી કલ્યાણભાઈ વેકરીયા દ્વારા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે વક્તવ્ય આપવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક શ્રી દેવરાજભાઈ ચૌચેટાએ કર્યું હતું. આભાર વિધિ શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર બળદિયાના પ્રમુખશ્રી ગોવિંદભાઈ વેકરીયાએ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સપોર્ચ ટીચર પ્રિયાંશી વાલાણી, વિશ્વ બુદ્ધભટ્ટીના સંકલન સાથે અન્ય શિક્ષક મિત્રોએ જહેમત ઉઠાવી હતી.

## વિદ્યાર્થીઓને ભેટ (ઈનામ) અર્પણ

અબજીબાપા એજ્યુકેશન ચેરીટેબલ સેન્ટરની અંદર ૭૬મો સ્વાતંત્ર્ય દિવસ ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો, ભારત સરકારના ચાલતા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આ કાર્યક્રમમાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થી દ્વારા વિવિધ ડાન્સ, પરેડ અને વક્તવ્ય જેવી પ્રવૃત્તિઓ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. આ વિદ્યાર્થીઓને સન્માનિત કરવા માટે શાળાના ટ્રસ્ટી શ્રી ગોવિંદભાઈ વેકરીયા તથા શિક્ષણના માર્ગદર્શક એવા કલ્યાણભાઈ વેકરીયા દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે ઈનામ વિતરણનું આયોજમ તારીખ ૨૫-૮-૨૦૨૨ને ગુરુવારના રોજ પ્રાર્થનાખંડમાં કરવામાં આવેલ. જેમાં ઈનામ (ભેટ)ના મુખ્ય દાતાશ્રી લંડનથી પધારેલ નાનજીભાઈ ગોવિંદભાઈ વેકરીયા તથા નૈરોબીથી પધારેલ શ્રી ગોપાલભાઈ કરસનભાઈ વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ મહેમાનોના હાથે બાપાશ્રીના આશીર્વાદ રૂપે શાળાના નાના નાના ભૂલકાઓને વિવિધ ભેટ સોગાતો અર્પણ કરવામાં આવી હતી. બંને માધ્યમના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને આઝાદીના અમૃત મહોત્સવ વિશે સંદેશ આપવામાં આવ્યો હતો તથા મુખ્ય મહેમાનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. અંતમાં કલ્યાણભાઈ વેકરીયાએ પણ બાળકોને આઝાદીના અમૃત મહોત્સવ વિશે જાણકારી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંગ્રેજી માધ્યમના શિક્ષક શ્રી વિજયભાઈ ડોડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## મૂર્તિ સુખે સુખી થયા

- અમદાવાદના કૈલાસબેન ઘનશ્યામભાઈ પુજારા. ઉ.વ. ૬૭ તા. ૧૩-૮-૨૦૨૨ના રોજ મૂર્તિ સુખે સુખી થયા છે.

**શ્રીજીમહારાજ તથા બાપાશ્રી પોતાની મૂર્તિનું સુખ વિશેષ ને વિશેષ આપે અને તેમના પરિવારને ધીરજ અને બળ આપે એવી શ્રીજીમહારાજના ચરણોમાં પ્રાર્થના.**



← જન્માષ્ટમી પર્વ →

ઠાકરથાળી યજમાન : શ્રી વ્યાન દીલીપભાઈ જીવાણી, બળદિયા / શ્રી પ્રેમજી ગોવિંદભાઈ વેકરીયા, બળદિયા





સદ્. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજીના ૧૪૩મા પ્રાગટ્ય દિને સત્સંગ બ્રહ્મયજ્ઞ - સુરેન્દ્રનગર



MURTI, Gujarati, Monthly, September, Year 19, Issue - 09
RNI No. GUJGUJ/2004/52455 Published on 11-09-2022

MURTI

Posted at Bhuj Shorting Office on Date 13th of Every Month
Postal Registration No. GKCH-173 / 2022-24

# શ્રી સ્વામિનારાયણ વિદ્યા સંકુલમાં ઉજવાયો “ આઝાદી અમૃત મહોત્સવ ”




Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria